નામદાર હાઇકોર્ટ મેટર

ક્રમાંક:ઉમબ/ઉમા.૮/૨૦૨૪/૭૭૩-૮૦૭

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,

બ્લોક નં-૯/૧, ડૉ. જીવરાજ મહેતા

ભવન, ગુ.રા., ગાંધીનગર.

તા. ૯૭/૦૨/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ.

વિષય: અત્રેની કચેરીના તા.૨૧/૧૧/૨૦૧૬ ના પત્ર વ્યવહાર બાદ ગ્રાંટેડ શાળામાં કલાર્કની એન.ઓ.સી./બહાલી આપવા બાબત.

ઉપરોક્ત વિષય સંદર્ભે નીચે મુજબની વિગતો તાત્કાલિક દિન-૨ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:ઉમબ/ઉમા.૮/ ૨૦૧૬/૨૦૮૪ થી ૨૦૧૧૯, તા.૨૧/૧૧/૨૦૧૬ ના પત્ર વ્યવહાર બાદ આપની કચેરી દ્વારા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કલાર્કની એન.ઓ.સી/બહાલી આપવામાં આવેલ હોય તો તેની વિગતો

(૨) તા.૨૧/૧૧/૨૦૧૬ નાં પત્ર બાદ NOC/નિમણુંક/ બહાલી માટે કમિશનર, શાળાઓની કચેરીનું કોઇ માર્ગદર્શન માંગેલ હોય તે અન્વયે કમિશનર શાળાઓની કચેરી દ્વારા આપવામાં આવેલ હોય તેની વિગત.

જો આપના જિલ્લાની માહિતી શૂન્ય હોય તો શૂન્ય માહિતી પણ મોકલવી.

બિડાણ: પત્ર

નાયબ શિક્ષણ નિયામક

૧૦+૨ ખાસ ઘટક

ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ:

કાયદા અધિકારીશ્રી, લીગલ શાખા, સદર કચેરી.

Scanned with CamScanner

ઈ-મેઈલ દ્વારા
ટોચ અગ્રતા

૨૦૮૪ થી ૨૦૧૧૮
ક્રમાંક: ઉમબ/ઉમા-૮/૨૦૧૬/
કમિશ્નરશ્રી શાળાઓ ની કચેરી,
બ્લોક નં ૯ પહેલા માળ,
ગુ.રા.ગાંધીનગર
તા.૨૧/૧૧/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

વિષય:- બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં જયાં ઓવર સેટઅપ છે તેમાંથી વહીવટી કર્મચારીઓને જયાં ખાલી જગ્યા છે, તેવી શાળાઓમાં કામગીરી ફેરફારથી મુકવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ

સંદર્ભ: (૧) આ કચેરીનો તા.૧૫/૧૦/૧૬ના પત્ર(ઈ-મેઈલ)થી આપેલ સૂચના
(૨) આ કચેરીનો તા.૮/૧૧/૧૬ના પત્ર(ઈ-મેઈલ)થી આપેલ સૂચના
(૩) ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘની તા.૧૬/૧૧/૧૬ની રજૂઆત

ઉપરોક્ત વિષય પરત્વેની સંદર્ભદર્શિત પત્રોથી આપેલ સૂચના અન્વયે જણાવવાનું કે રાજયમાં આવેલ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક કર્મચારી કલાર્ક સંવર્ગના ઓ.એસ./ મુ.કા./ સિ.કા./ જુ.કા./તેમજ વર્ગ-૪ના પટાવાળા સંવર્ગના કર્મચારીઓની શિ.વિ.ના તા.૨૨/૨/૯૯ના ઠરાવ તથા તા.૧/૮/૧૧ના ઠરાવની જોગવાઈ મુજબ હાલમાં ફરજ બજાવી રહેલ કર્મચારીઓમાં વધારાના કર્મચારી તરીકે હાલમાં કોઈપણ કામગીરી સિવાય જે વધારાના ફાજલ કર્મચારીઓ સરકારી પગાર ધોરણ મેળવે છે. તેવા કર્મચારીઓને આપના જિલ્લા હસ્તકની અન્ય ગ્રાન્ટેડ શાળાઓમાં જયા ખાલી જગ્યા છે ત્યાં કામગીરી ફેરફારથી મુકવા સંદર્ભદર્શિત પત્રોથી સૂચના આપવામાં આવેલ છે. જે ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબની બાકી કાર્યવાહીની દિન-૫માં અમલવારી કરીને અત્રેની કરેલ કાર્યવાહીની વિગતો મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉક્ત બાબતે ક્રમ-૩ના સંદર્ભવાળા પત્રથી ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘની તા.૧૬/૧૧/૧૬ની રજૂઆત ધ્યાને લઈ નીચે મુજબની કામગીરી ફેરફાર અંગે માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) કલાર્ક સંવર્ગ સિવાયના વ્યવસાયલક્ષી, ચિત્ર, વ્યાયામ, સંગીત, ઉધોગ જેવા વિષયના શિક્ષકો, ગ્રંથપાલને અન્યત્ર કામગીરી ફેરફારથી ફાળવવામાં આવે ત્યારે અગતા ક્રમ આપવી.
(૨) તા.૧/૮/૧૧ના સેટઅપ મુજબ જેટલી સંખ્યામાં કલાર્ક મળવાપાત્ર હોય, તેટલા જ શાળામાં હોય તો એ જ શાળામાં યથાવત રાખવા.
(૩) તા.૧/૮/૧૧ના સેટઅપની સંખ્યા મુજબ વધારાના વહીવટી કર્મચારી હોય ત્યાં શાળામાં દાખલ થયાથી સિનિયોરીટી મુજબ છેલ્લે નિમણૂંક પામેલ હોય તેઓને પ્રથમ કામગીરી ફેરફારથી સમાવવા.
(૪) હાલ પૂરતી જુ.કા.ની અપાયેલ એન.ઓ.સી./ ભરતી પ્રક્રિયા જે તે સ્ટેજે તુરંત સ્થગિત કરવાની રહેશે.
(૫) જિલ્લામાં કોઈ પણ શાળામાં એક જ જગ્યા હોય ત્યાં વ્યવસાયલક્ષી શિક્ષકને ફાળવ્યા હોય તો તેમને ઉઠાવી ઘટ હોય તો મૂળ વહીવટી કર્મચારી હોય તેને પ્રથમ કામગીરી ફેરફારથી સમાવવા.

ઉપરોક્ત કામગીરી સબંધે ઉક્ત દર્શાવેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(આ કચેરીની તા.૧૬/૧૧/૧૬ની શાખા નોંધ ઉપર માન.નિયામકશ્રીએ તા.૧૮/૧૧/૧૬ના રોજ આપેલ સૂચનાનુસાર)

સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦+૨ ખાસ ઘટક,
ગુજરાતરાજય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ થવા વિનંતી સહ:-
શ્રી એન.એલ.પુજારા
સંયુક્ત સચિવશ્રી (માધ્યમિક),
મ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર